## બનાસકાંઠા જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરી (તા.૨૩/૧૦/૨૦૨૩ થી તા.૨૯/૧૦/૨૦૨૩ સુધી)

(૧)

તા.૨૪/૧૦/૨૦૨૩ ના કલાક ૨૧/30 વાગે મોજે થાવર ત્રણ રસ્તાથી રેલ નદીના પુલ સુધી આ કામનો પકડાયેલ ઇસમો વિકાસ સ/ઓ હરલાલજી રામચંદ્રજી જાતે.વિશ્નોઇ(સાઉ) ઉ.વ.૧૯ ધંધો.ડ્રાઇવીંગ રહે.રણોદર તા.ચીતલવાણા જિ.સાંચોર તથા રામજીવન સ/ઓ હનુમાનરામ સાલુરામ જાતે.વિશ્નોઇ (જાની) ઉ.વ.૨૫ ધંધો.મજુરી રહે.ભુણીયા તા.સેડવા જિ.બાડમેર વાળાઓએ પોતાના કબ્જા ભોગવટાની ઇનોવા ગાડી એન્જીન નં.2GDA135198 તથા ચેચીસ નંબર MBJGB8EM902030243-1017 વાળીમાં ગે.કા અને વગર પાસ પરમીટનો પરપ્રાંતીય ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ-૨૪૦ કિ.રૂ.૧૦૯૨૦૦/- તથા ઇનોવા ગાડી કિ.રૂ.૭,૦૦,૦૦૦/-તથા મોબાઇલ ફોન નંગ ૦૨ કિ.રૂ.૧૦૦૦૦/- તથા અલગ અલગ નંબર લખેલ નંબર પ્લેટ નંગ ૦૫ કિ.રૂ.૦૦/૦૦ ની ગણી મળી આવેલ કુલ મુદામાલ કિ.રૂ.૮,૧૯,૨૦૦/- નો રાખી હેરાફેરી કરતા પકડાઇ જઈ તથા મુદામાલ ભરાવનાર રૂઘનાથરામ સ/ઓ દેરામરામ દયારામ વિશ્નોઇ રહે.ખીલેરીયા કી ઢાણી પોલીસ સ્ટેશન બાખાસર વાળાઓએ પુર્વ આયોજીત કાવતરૂ રચી અલગ અલગ નંબરની ડુપ્લીકેટ નંબર પ્લેટો બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરવાનુ કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ ધાનેરા પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૧૮૨૩૦૮૧૦/૨૦૨૩ પ્રોહી એકટ કલમ ૬૫(એઇ),૧૧૬ (૨),૯૮(૨),૯૯,૮૧, ઇ.પી.કો કલમ ૧૨૦(બી),૪૬૫,૪૬૮,૪૭૧ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૨)

તા.૨૪/૧૦/૨૦૨૩ ના ક.૦૩/૧૦ વાગે મોજે અમીરગઢ બોર્ડર ચેકપોસ્ટ ખાતે આ કામના આરોપી તહોમતદાર (૧) મહેબુબખાન સ/ઓફ સરદારખાન ઉ.વ.૩૮ રહે.૩૭ રાઇકો કા બાસ, ભાખરી તા.પાલી જી.પાલી (રાજસ્થાન) તથા (૨) મેગારામ પ્રતાપરામ દેવાસી રહે.ભાખરી તા.જી.પાલી (રાજસ્થાન) તથા (૩) ઓમજી જેનું પુરૂ નામસરનામું ખબર નથી મો.નં.૯૬૭૨૭૦૦૬૮૧ નો ધારક વાળાઓએ એકબીજાના મેળાપીપણામાં ટાટા ટ્રક નં.RJ22GA2874 માં વગર પાસ પરમીટનો ગે.કા.નો ભારતીય બનાવટના વિદેશી દારૂ/બિયરની બોટલ/ટીનની પેટી નંગ-૧૦૦ કુલ બોટલ/બીયર ટીન નંગ-૨૮૩૨ કુલ કિંરૂ.૪,૭૭,૨૪૦/- નો મુદ્દામાલ ટાટા ટ્રક ગાડીમાં ખાલી કેરોટોની આડાશમાં સંતાડી રાખી ટ્રક કિં.રૂ.૭,૦૦,૦૦૦/- તથા પ્લાસ્ટીક ના ખાલી કેરેટ નંગ ૨૫૦ કિ.રૂ.૧,૨૫,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૦૧ કિંરૂ.૫,૦૦૦/- તથા રોકડ રકમ રૂ.૧૭૦૦૦/- કુલ મુદામાલ કિં.રૂ.૧૩,૨૪,૨૪૦/- સાથે તહો.નં.(૧) ટ્રક હંકારતા પકડાઇ જઇ તથા તહો.નં.(૨) નાસી જઇ તથા તહો.નં.(૩) ના મળી આવી એકબીજાની મદદગારીથી હેરાફેરી કરી ગે.કા.વગર પાસ પરમીટના ભારતીય બનાવટના વિદેશી દારૂ ગુજરાતમાં ઘુસાડવાનું ષડયંત્ર રચી ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ અમીરગઢ પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૦૩૨૩૦૭૪૪/૨૦૨૩ ધી પ્રોહી એક્ટ ક.૬૫એઇ, ૧૧૬(બી), ૯૮(૨),૮૧,૮૩ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૨)

તા.૨૬/૧૦/૨૦૨૩ કલાક ૧૫/30 વાગે મોજે ગુંદરી પોલીસ ચેક પોસ્ટ આ કામના તહોમતદારએ અરૂણસિંહ કાન્તિલાલ મેવાડા મુળ રહે. પાલી તા.જી.પાલી (રાજ.) હાલ રહે. અમદાવાદ સી.ટી.એમ.ચાર રસ્તા ફર્નિચર માર્કેટ તા.જી.અમદાવાદ પોતાના કબજા હેઠળની ટાટા આરીઆ ગાડી નંબર GJ.05.JC.2732 નીમાં ગે.કા. વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ બોટલ નંગ- ૩૦ કુલ કિમત રૂપિયા ૨૫,૮૯૦/- તથા ટાટા આરીઆ ગાડી કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- એમ મળી કુલ કિમત રૂપિયા ૨,૭૫,૮૯૦/- ના મુદામાલ સાથે હેરાફેરી કરી લઇ આવતાં પકડાઇ જઇ ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ પાંથાવાડા પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૩૬૨૩૦૪૭૪/૨૦૨૩ પ્રોહી કલમ. ૬૫AE,૧૧૬(૨) ૯૮(૨), મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૩)

તા.૨૫/૧૦/૨૦૨૩ ના ક.૨૩/૩૦ વાગ્યાથી તા.૨૬/૧૦ /૨૦૨૩ ના ક.૦૧/૩૦ વાગ્યા દરમ્યાન મોજે ચંડીસર ગામની સીમમાં જાલુજી મગનજી જાતે.પઢીયાર ઠાકોર નાઓના ખેતરમાથી આ કામના તહોદારોએ (૧) અશોકજી ઉર્ફે ડોસુ ભીખાજી ભાગળીયા ઠાકોર ઉ.વ.૪૫ રહે ચંડીસર તા.પાલનપુર (૨) તેજમલજી ચતુરજી જેહાતર ઠાકોર ઉ.વ. ૩૨ રહે. ચડોતર તા.પાલનપુર (૩) સંજયજી કુંવરજી દલવાડીયા ઠાકોર ઉ.વ.-૨૫ રહે-ગઠામણ ગામ તા.પાલનપુર (૪) કનુજી નાથુજી જાતે નકાતર ઠાકોર ઉ.વ.૩૯ રહે-કોટડા(ભાખર) તા.દાંતીવાડા (૫) અમરતજી હજુરજી ઠાકોર ઉ.વ.૩૪ રહે ડાંગીયા તા.દાંતીવાડા (૬) રમેશજી લાલાજી ઠાકોર ઉ.વ.૩૫ રહે કુશકલ તા.પાલનપુર (૭) નાગજીજી ખેમાજી ઠાકોર ઉ.વ.૫૦ રહે.કોટડા(ભા) તા.દાંતીવાડા (૮) કરણજી સોહનજી ઠાકોર ઉ.વ.૨૨ રહે.ચડોતર તા.પાલનપુર (૯) ઇમરાનખાન આબાદખાન સીન્ધી ઉ.વ.૨૭ રહે. ચંડીસર ભૈરવદાદાના મંદીર પાસે તા.પાલનપુર (૧૦) નટવરભાઇ મોતીલાલ ચૌહાણ ઉ.વ..૩૪ રહે.મડાણા(ડાં) તા.પાલનપુર ચંડીસર ગામની સીમમાં જાલુજી મગનજી જાતે.પઢીયાર ઠાકોર રહે ચંડીસર તા.પાલનપુર વાળાના ખેતરમાં ભેંસો બાંધવાના ઢાળીયા આગળ બોરડીના ઝાડ નીચે ખુલ્લામાં લાઇટના અજવાળે ગંજીપાના વડે તીનપત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમી રમાડતા રોકડ રકમ રૂ.૫૫,૭૫૦/-તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦- તથા મોબાઇલ નંગ-૦૭ જે કિ.રૂ.-૨૨,૦૦૦/-મળી કુલ રૂ.૭૭,૭૫૦/-ના મુદ્દામાલ સાથે પકડાઇ જઇ ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ ગઢ પો.સ્ટે.પાર્ટ-બી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૨૪૨૩૦૫૭૩/૨૩ જુગાર ધારા કલમ ૧૨ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૪)

તા.૨૬/૧૦/૨૦૨૩ ના કલાક ૨૦/૧૫ થી  તા.૨૭/૦૧૦/૨૦૨૩ ના કલાક. ૦૦/૪૫ સુધી વાગે મોજે મોજે બનાસકાંઠા જિલ્લાના દિયોદર શહેરના નવા એ.પી.એમ.સી. ની સામે રોડ ઉપર આ કામના તહોદાર-  અજાભાઇ ભુરાભાઇ વાઘેલાને  ભારતીય બનાવટના વિદેશી વિદેશી દારૂની નાની/મોટી બોટલો તથા બિયર ટીન મળી કુલ નંગ-૩૧૧૯, કિં. રૂ. ૪,૩૯,૭૦૦/-, તથા વાહન નંગ-૦૧ કિં. રૂ.૬,૦૦૦૦૦/-,તથા મોબાઇલ નંગ-૧, કી.રૂ.૫,૦૦૦/- તમામ મુદ્દામાલની કિં. રૂ.૧૦,૪૪,૭૦૦/-ની મત્તાનો મુદ્દામાલ સાથે મળી આવેલ હોય તે તથા દિલીપભાઇ ઠાકોર , રહે.- ગામ-ભલગામ, તા.કાંકરેજ, જિલ્લો-બનાસકાંઠા (દારૂનો ધંધો કરનાર  મુખ્ય આરોપી) તથા કમલેશ બિશ્નોઇ નામનો માણસ રહે. વિરોલ ગામમાં આવેલ મામા ભાણજા નામના દારૂના ઠેકા માંથી માલ ભરી આપનાર તથા ઠેકા ઉપરથી માલ ગાડીમાં ભરી આપનાર કમલેશ વિશ્નોઇના માણસો તથા ભલગામ ગામે દારૂનો જથ્થો લેવા આવનાર અજાણ્યો માણસ તથા ગાડીનો માલીક મળી તમામે દારૂનો જથ્થો સંતાડી પ્રતિબંધીત ગુજરાતમાં પ્રવેશ કરી,એકબીજા મદદગારી કરી ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ દિયોદર પો.સ્ટે.પાર્ટ સી.૧૧૧૯૫૦૧૭૨૩૦૮૩૪/૨૦૨૩ પ્રોહી. કલમ.૬૫(એ),(ઇ),૮૧,૮૩, ૯૮ (૨),૧૧૬(બી)  મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૫)

તા.૨૮/૧૦/૨૦૨૩ ના કલાક ૦૨/૪૦  વાગે મોજે થાવર ચેક પો.સ્ટ આ કામના આરોપી તહોદાર ગાડી ચાલક આરોપી રૂપારામ માંગીલાલ જાતે જાટ(જાની) ઉ.વ-૨૦ ધંધો-ડ્રાઈવીંગ રહે.-આરવા તા.ચિતલવાણા જી-ઝાલોર રાજસ્થાન વાળાએ પોતાના કબ્જાની અશોક લેલન્ડ કંપની ની છોટા હાથી (દોસ્ત) ગાડી રજી નંબર GJ-07-YZ-4318  ની ગાડી માં GJ-03-BV-6829 ની ખોટી નંબર પ્લેટ નુ પ્લાસ્ટીક નુ સ્ટીકર લગાડી કોબીજ ની આડમાં ગે.કા અને વગર પાસ પરમીટનો પરપ્રાંતીય ભારતીય બનાવટની વિદેશી દારૂની પેટી નંગ-૬૦ કુલ બોટલ નંગ ૭૨૦  કિ.રૂ. ૨,૮૨,૯૬૦/-  તથા અશોક લેલન્ડ કંપની ની છોટા હાથી (દોસ્ત) ગાડી રજી નંબર GJ-07-YZ-4318  ગાડી જેની કિં.રૂ.૩,૫૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૧ કિ.રૂ.૫૦૦૦/- તથા તાડપત્રી કિં.રૂ-૦૦/૦૦ તથા વેચાણ કરાર લેખ નુ કાગળ કિ.રૂ-૦૦/૦૦ તથા એક સર્વિસ બીલ મળી આવેલ જેની કિં.રૂ-૦૦/૦૦ ગણી તથા ખોટી નંબર પ્લેટ ની પ્રીન્ટ આઉટ વાળી પ્લાસ્ટીક ની પટી નંગ-૦૨ કિં.રૂ. ૦૦/૦૦ મળી કુલ મળી કિ.રૂ. ૬,૩૭,૯૬૦/- નો મુદ્દામાલ રાખી હેરાફેરી કરી પકડાઇ જઈ ખોટી નંબર પ્લેટ લગાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી તથા ઈસરારામ વિશ્નોઇ રહે.-ચિતલવાણા જેના મો.નં -૯૫૦૯૬૩૯૩૪૪ વાળાઓએ મુદામાલ ભરાવી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કર્યા ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ ધાનેરા પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૧૮૨૩૦૮૨૦/૨૦૨૩ પ્રોહી એકટ કલમ ૬૫એઇ,૧૧૬ (૨),૯૮(૨),૯૯,૮૧ તથા ઈપીકો કલમ-૪૬૫,૪૬૮,૪૭૧ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૬)

તા.૨૭/૧૦/૨૦૨૩ ના ક. ૨૨/૧૦ વાગે મોજે પાલનપુર ચડોતર ઓવર બ્રીજ રોડ ઉપર આ કામના તહોદાર સ્વીફ્ટ ગાડી નં-GJ-01-RN-6574 નો ડ્રાઈવર ગણેશ ચેતનરામ સારણ જાતે જાટ ઉ.વ. ૨૧ ધંધો અભ્યાસ રહે.બેરીનાડી ગામ તા.ગીડા જી.બાડમેર રાજસ્થાન મો નં ૮૧૦૭૭૦૯૩૩૭ વાળો તથા બાજુની સીટમા બેઠેલ દિનેશ હિરારામ ડુડી જાતે જાટ ઉવ.૧૭ વર્ષ ૬ માસ રહે મીરપુરાગામ તા.જાલોર ગુન્દાઉ સાંચોર જી.બાડમેર રાજસ્થાન તથા સાંચોરથી ગેરકાયદેસર રીતે પાસપરમીટ વગર ભારતીય બનાવટનો વિદેશી દારૂ/બીયરનો જથ્થો ભરી મોકલાવતા સુરેશભાઇ સ્વીફ્ટ ગાડીમાં ડમી નંબરપ્લેટ લગાવી ગાડીના અસલ નંબર છુપાવી ભરેલ દારૂનો જથ્થો વાહનમાં વહન કરી અમદાવાદ શહેર બાજુ મોકલી તમામએ ગુનાહિત કૃત્ય કરી એક બીજાની મદદગારી કરી ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બીયરની ફૂલ પેટી નંગ-૬૮ તથા છુટા ટીન/બોટલ નંગ-૧૪૨૮ મળી જે તમામની કિંમત રૂ.૧,૫૪,૨૦૦ તથા સ્વીફ્ટ ગાડી નં-GJ-01-RN-6574 કિં.રૂ.૪,૦૦,૦૦૦/- તથા  રોકડ રકમ રૂપીયા ૪૯૯૦/- તથા મોબાઈલ ફોન નંગ-૧ કિં.રૂ.૫,૦૦૦/- મળી ફૂલ કિંમત રૂ.૫,૬૪,૧૯૦/- ના મુદ્દામાલ સાથે તહોદાર નં-૧,૨ નાઓ પકડાઇ જઇ ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ પા.તાલુકા પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૩૫૨૩૧૦૦૫/૨૩ પ્રોહી કલમ ૬૫(એ)(ઇ),૧૧૬ (બી), ૮૧, ૮૩, ૯૮(૨) ઇ.પી.કો. ૪૬૫, ૪૬૮, ૪૭૧ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.